વિદેશી દારૂની સ્વાસ્થ્ય પરમીટ માટેના અરજદારો માટે આવકના ધોરણો નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ, સચિવાલય,
ઠરાવ ક્રમાંક- વદર/૧૧૨૦૧૨/૧૯૧/ઇ-૧
ગાંધીનગર, તા. ૧૮/૨/૨૦૧૩

વંચાણે લીધા :- (૧.) સ.ક.વિ. ની તા. ૬/૪/૧૯૯૧ ની યાદી ક્રમાંક: વદર/ ૧૦૯૦/ખા/૫૬/મ
(૨.) નિયામકશ્રી, નશાબંધી અને આબકારી,અમદાવાદનો તા. ૧૭/૧/૨૦૧૨ ના પત્ર ક્રમાંક: વદર/૧૭-૨/૨૦૧૨/એકસા-૧/૭૬

ઠરાવ

ગુજરાત નશાબંધી ધારો ૧૯૪૯ હેઠળના મુંબઇ વિદેશી દારૂના નિયમો ૧૯૫૩ ના નિયમ ૬૪ હેઠળ અપાતી સ્વાસ્થ્ય પરમીટ મેળવવા માટે અરજદારની લઘુત્તમ માસિક આવક મર્યાદા તા. ૬/૪/૧૯૯૧ થી નિયત કરવામાં આવેલ છે. પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતા જે આવક મર્યાદા નિયત કરવામાં આવેલ છે, તેમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે, વિદેશી દારૂની સ્વાસ્થય પરમીટ માટેના અરજદારો માટે આવકના ધોરણો અગાઉ નક્કી થયેલ છે, તેના બદલે નીચે પ્રમાણે નક્કી કરવામાં આવે છે.

(૧.) અરજદારની લઘુતમ આવક મર્યાદા માસિક રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર) હોવી જોઇએ તથા અરજદાર વ્યકિત છેલ્લા ૫ વર્ષથી ઇન્કમટેક્ષ ભરતા હોવા જોઇએ.

(૨.) ખેડુત અરજદારના કિસ્સામાં વીસ વીઘા જમીન અથવા વાર્ષિક આવક રૂ.૩,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ લાખ) હોવી જોઇએ. અરજદારે આ અંગે પુરાવા રજૂ કરવાના રહેશે.

(૩.) આ પરમીટ આપવા માટે નીચેની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧.) આ પરમીટ પ્રથમ તબક્કે એક વર્ષની મુદત માટે આપવાની રહેશે.

૨.) મુદત પૂરી થયેથી નિયમોનુસાર રીન્યુ કરાવવાની રહેશે.

૩.) પરમીટની મંજૂરી તેમજ રીન્યુઅલ સમયે અરજદારે આવકના તથા આવકવેરો ભર્યા અંગેના પુરાવાઓ રજૂ કરવાના રહેશે. આવકની મર્યાદાનું ધોરણ જળવાઇ રહેશે કે કેમ, તે અંગેની ખાતરી પરમીટ આપનાર અધિકારીએ કરવાની રહેશે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એન.જી.ચૌધરી)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ,

૧.) મા.મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્રસચિશ્રી, સચિવાલય, ગાંધીનગર

૨.) મા.રાજ્યકક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર

૩.) નિયામકશ્રી, નશાબંધી અને આબકારી,ગુજરાત રાજય, અમદાવાદ

૪.) સર્વે જિલ્લા નશાબંધી અધિક્ષકશ્રી

૫.) સિલેકટ ફાઇલ